## (૯) ટ્રેક નં. ૭ : આત્માને ઓળખો

✿ હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું? મને ખબર નથી. અરે ભગવાન! 'તું તો પરમાત્મા છે' એમ કહીને આપણને પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી આત્મા કેવી રીતે ઓળખાવે છે તે સાંભળીએ.

✿ માંગલિક

✿ ભક્તિ : સંવેદન જે સ્થૂળ જણાય, જાણતાં જાણનારો જ જણાય (૨)
જાણનાર 'જ્ઞાયક' નામ કહેવાય.

✿ 'પરથી ખસ, આત્મામાં વસ. એટલું જ ટૂંકું ટચ, એ તારા માટે બસ'. આ વીતરાગની વાણી છે.

✿ 'નિજપદ રમે સો રામ કહિયે', અપના આનંદ સ્વરૂપમેં રમે તે રામ અને આતમારામ કહીએ.

✿ 'મનુષ્ય ઈતિ જ્ઞાયતે ઈતિ મનુષ્યઃ' 'એ જાનનેવાલા કો જાને' યે મનુષ્ય હૈ. રાગકો ભિન્ન કરકે પ્રભુકો પહેચાન કરે પ્રભુકી-આત્માકી. આહીં તો પ્રભુ-આત્મા-ભગવાન-તેરી પ્રભુતા ઈતની અંદર હૈ ઈસકી પાસ પર્યાય ભી પામર હૈ તો રાગકી તો બાત ક્યા કહના? ઐસા ભગવાન ચૈતન્ય ચમત્કાર રતન હીરલો-'પરખ્યા માણેક મોતીયા, પરખ્યા હેમ કપૂર પણ એક ન પરખ્યો આત્મા'-ક્યા ચીજ હૈ ? એ વિના સબ ધૂળ ને ધાણી.

✿ હરણને જેમ નાભીમાં કસ્તૂરી-એમ ભગવાન આત્મામાં અંદરમાં સચ્ચિદાનંદ પ્રભુ, સત્ શાશ્વત ને જ્ઞાન ને આનંદના નિધાન-એના આનંદમાં જતો નથી. બહાર ક્યાં વ્યાકુળ થઈને ફાંફા મારે છે?

✿ તને ઓળખાણ અને તેને તારું તને ભાન થયું 'હું તો શુદ્ધ ચૈતન્ય છું' (તો) પાંચ પરાવર્તનથી છૂટી જશે, વ્યય થઈ જશે અને તારી ઉત્પતિ, મુક્તિનો દેનાર એ તું છો. સિદ્ધપદની પર્યાયનો દેનાર તું છો, એમ કહીને બંધને કારણે તો મળે નહીં. પણ મોક્ષના માર્ગથી પણ એ મુક્તિ મળે નહીં. મુક્તિની પર્યાયનો દેનાર તું છો. એનું જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર થયું, પણ-એ એનાથી મુક્તિ થાય એ તો વ્યવહાર છે. પણ વસ્તુ જે છે તેનાથી જ મુક્તિ થાય છે.

✿ એક એક દોષને ગોતી ગોતીને ટાળવા નથી પડતા કે આ રાગ છે ને આ શુભ છે ને, આ અશુભ છે ને, એવા એક એક દોષને ગોતીને ટાળવા પડતા નથી. કારણ કે દોષ ઉપર દૃષ્ટિ રહે અને 'આને ટાળવું' એ રીતે ટળી શકે જ નહીં. એક એક દોષને ગોતીને, શોધીને ટાળવા નથી પડતાં. અંદર નજર ફેરવે-પૂર્ણ સ્વરૂપ ભગવાન આત્મા-એમાં નજર ફેરવે અંદર-તો ગુણ રત્નાકર પ્રગટે. અંદર નજર ફેરવે તો ગુણ રત્નાકર પ્રગટે. ગુણ રત્નાકર-ગુણનો રતનનો દરિયો. એના શું વખાણ બાપુ? ઈ કાંઈ વચનમાં આવી શકે એવી ચીજ નથી-અનુભવગમ્ય છે. અરૂપી, ઇન્દ્રિયથી ગ્રહાય નહીં, વિકલ્પથી ગ્રહાય નહીં, અને પર્યાય બુદ્ધિમાં રહીને પણ ગ્રહાય નહીં. એવો જે ભગવાન આત્મા ચૈતન્ય રત્નાકર પ્રગટે.

✿ જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય તું છો. જ્ઞાતા આત્મા અને જ્ઞેય પરદ્રવ્ય એમ નહીં. 'જ્ઞાતા-જાણનારો તું, જણાય એ પણ તું, જાણવાની પરિણતિ થાય તે પણ તું'. તેને તું જાણ.

✿ વસ્તુ છે નિત્યાનંદ પ્રભુ-સચ્ચિદાનંદ પરમાત્મ દ્રવ્ય પોતાનું-જેમાં પર્યાયો નથી પણ અનંતગુણની રતનમાળાઓ છે. જેમાં ક્ષયોપશમ આદિ પર્યાયો નથી એવા તારા સ્વભાવને ઓળખ.

✿ પૂર્ણાનંદ રાગ અને કર્મથી ભિન્ન છે, તેને તું ઓળખ. એ રાગથી ઓળખાશે નહીં. તું એ વીતરાગી સ્વરૂપ છો. તો (વીતરાગી પર્યાયથી) તેને તું વીતરાગ પર્યાયથી ઓળખ.

✿ પ્રભુ! તે તારી ચીજને જો ઓળખી એને એનું અંદર પરિણમન કર્યું તો સંસાર રોગ જાય.

✿ શુદ્ધ આત્મા મુક્ત સ્વરૂપ છે. અસ્તિપણે છે, હૈયાતી છે, મોજુદગી ચીજ છે. 'છે' તેને તું ઓળખ. ઓળખવાથી પાંચ પ્રકારના પરાવર્તનોથી છૂટાશે, અનંતા દ્રવ્યો જે સંયોગી છે એનાથી છૂટીશ, ક્ષેત્ર જે છે લોકાલોકનું છે એમાં દરેકમાં રખડ્યો-એ એનું પરાવર્તન ક્ષેત્રમાં રખડવું છૂટીશ. કાળમાં રખડવું જે છે-અનંત કાળથી રખડે છે એ છૂટીશ, ભવથી છૂટીશ, અને પુણ્યને પાપના ભાવ, તે પણ પરાવર્તન-વિકાર-દુઃખ છે એનાથી છૂટીશ.

✿ દ્રવ્ય પણ મારું એના (અરિહંતના) જેવું, ગુણ પણ મારું એના (અરિહંતના) જેવું, પર્યાય મારી એના (અરિહંતના) જેવી નથી, માટે એ પોતે દ્રવ્ય તરફ ઢળે છે.

✿ શ્રીમદ્‌માં એમ આવે છ ને ! 'સર્વ જીવ છે સિદ્ધ સમ' આત્મસિદ્ધિ- 'સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય'. જે કાંઈ કરે તો થાય એમ નહીં, સમજે તો થાય.

✿ અરીસાની જેમ જાતિએ તું સ્વચ્છ જ છો. નિર્મળતાના ભંડારને ઓળખ. પ્રભુ એ નિર્મળ આનંદ નાથ છે પ્રભુ. એ ચૈતન્ય હીરલો. એ અનંત ગુણથી નિર્મળ પ્રભુ છે. એને ઓળખ. નિર્મળતાના ભંડારને ઓળખ. તો એક પછી એક નિર્મળતાની પર્યાયનો સમૂહ પ્રગટશે.

✿ ભગવાન તે આત્મા રાગથી ભિન્ન પ્રભુ. આજે જ એની અનુભૂતિની શરૂ કર.

✿ શુદ્ધ ચૈતન્ય પ્રકાશની મૂર્તિ પ્રભુ! આ સૂર્યનો પ્રકાશ તો જડ છે. એ જડને પ્રકાશનારો ચૈતન્ય પ્રકાશ છે અંદર. એ ચૈતન્યના નૂરના પૂર જ્યાં ભર્યા છે-એવા આત્માનું અંતર દર્શન કરતાં, એવા આત્માના સમીપમાં જતાં ભ્રાંતિનો નાશ થાય અને શુદ્ધાત્મ પ્રકાશ પર્યાયમાં પ્રગટ થાય.

✿ આકાશ છે એના પ્રદેશોની સંખ્યા અનંતગુણી-ત્રણે કાળના સમય કરતા પણ અનંતગુણી. એનાથી અનંતગુણા એક જીવમાં ગુણ છે એવો ઈ ચૈતન્ય ચક્રવર્તી છે-ચૈતન્ય સ્વયંભૂ રત્નાકર-રતનનો આગર દરિયો એને જ્ઞાન દ્વારા જોવાને અંદરમાં આતુર છે, કુતૂહલ છે, આતુર છે, એમાંથી બહાર નીકળવું એને ગોઠતું નથી.

✿ સચ્ચિદાનંદ છે. સચ્ચિદાનંદ એટલે 'સત્' નામ 'છે', 'ચિદ્' નામ 'જ્ઞાન', 'આનંદ' નામ 'સુખ'. એ જ્ઞાન અને આનંદનો ભંડાર ભગવાન અંદર છે તને ખબર નથી.

✿ આત્મા તો ધ્રુવ ત્રિકાળી અંદર હૈ. ત્રિકાળ હૈ નિરાવરણ. અવસ્થા એ તો બદલતી, હલચલ હૈ. યે જ્ઞાનકી અવસ્થા ઓછી વધતી હોતી હૈ. ભૂલ જાતે હૈ, ખ્યાલ હોતા હૈ, યે તો ઉસકી દશા હૈ, હાલત હૈ, મૂળ ચીજ હૈ ઉસમેં તો હાલત હૈ નહીં. મૂળ ચીજ તો ત્રિકાળ ધ્રુવ આનંદકંદ હૈ-

✿ (એને) આ ભગવાન સ્વયંભૂ-'સ્વયં છે' અને પ્રગટે છે' એ સ્વયંભૂ-અંદરમાં જેટલા ગુણો છે એના ઉપર ધ્યાન આપતા અનંત ગુણો પ્રગટ થાય છે પર્યાયમાં. ઋદ્ધિ જે પ્રગટે તે પોતામાં છે. જે અનંતગુણોની પર્યાય જે પ્રગટમાં થાય છે એ પોતામાં છે એમાંથી આવે છે.

✿ એક વાર નિજઘર દેખ લે. અતીન્દ્રિય વીતરાગમૂર્તિ પ્રભુ-ઉસકી સન્મુખ એક સમય ભી હો, ઉસકા આશ્રય એક સમય ભી લિયા તો 'અંદરમેં દેખ' 'અંદરમેં દેખ'કા અર્થ 'અંદરમેં ચીજ હૈ ઉસકા જ્ઞાન હુઆ.'

✿ આત્મ સાક્ષાત્કાર-રાગસે ભિન્ન આત્માકા અનુભવ-કે આ આત્મા પૂર્ણ આનંદ હૈ ઐસા ભાન-અપૂર્વ દર્શન હૈ. યે તો અપૂર્વ દર્શન. ચૈતન્ય તત્ત્વમેં જાકર જો દિવ્યદર્શન હુઆ, કોઈ અલૌકિક દર્શન હૈ, લૌકિકસે લોકોત્તર આત્મદર્શન હૈ. સિદ્ધ દશા તકકી સર્વ લબ્ધિયાં-ક્યાં કહતે હૈ? પીછે મુનીપણું, કેવળજ્ઞાન, સિદ્ધદશા. 'નમો સિદ્ધાણં' સિદ્ધકી દશા-પરમાત્માકી એ સર્વ લબ્ધિયાં શુદ્ધાત્મ અનુભૂતિમેં જાકર મિલતી હૈ.

✿ શુદ્ધાત્મ અનુભવ-પવિત્ર મુક્ત સ્વરૂપ ભગવાનની અનુભૂતિ. ઉસમેં સિદ્ધપદકી પર્યાય આદિ અંદર સમાવેશ હો જાતી હૈ. શુદ્ધાત્માનો અનુભવ કરતે કરતે સિદ્ધપદ હો જાતા હૈ.

✿ વિશ્વકા અદ્ભૂત તત્ત્વ તો તૂ હી હૈ. ઉસકે અંદર જાને પર અંતર આનંદનો નાથ-મહેલ મોટો પડ્યો છે. અંદર જાકર અનંત ગુણોકા બગીચા ખીલ ઉઠેગા. અનંત ગુણ ભગવાનમેં પડા હૈ-પ્રભુમેં, આત્મામેં, એ અંદર જા તો બાગ ખીલી જાયેગા. જિતના ગુણ હૈ એ પર્યાયમેં ખીલ જાયેગા.

✿ એકરૂપ દશા અંદર હૈ. ત્રણકાળનો જાનનાર હી નહીં. 'મૈં તો એકરૂપ ત્રિકાળી હૂઁ', ઐસી આત્માકી અદ્ભૂત સે ભી અદ્ભૂત સ્વભાવ મહિમા જયવંત વર્તતી હૈ.

✿ તે બાહ્યકી સબ ચીજ દેખી. પણ દેખનવાલા કૌન હૈ અંદર? વો તૂને દેખા નહીં કભી. અપની ચીજ જો આનંદનો નાથ પ્રભુ-જાણક-સ્વભાવકા ભરપૂર ભંડાર-ઉસકો નહીં દેખા. જાનન, દેખન,, આનંદ, શાંતિ,

સ્વચ્છતા, પ્રભુતા ઐસી અનંતી અનંતી શક્તિરૂપ ગુણ એ અનંત ગુણમય પ્રભુ આત્મા હૈ અંદર. ઐસે આત્માકો કભી પહિચાના નહીં. જેને અભી તક કભી પહિચાના નહીં. જાનનેકી વર્તમાન જે દશા હૈ-પર્યાય-એ પરકો દેખતી હૈ, એ પર્યાયકો અંતર્મુખ લે. ભગવાન બિરાજે ત્યાં. વર્તમાન જ્ઞાનકી દશા-અવસ્થા-પર તરફ કી ઝુકાવ હૈ ઈ પર્યાય કા ઝુકાવ અંતર્મુખ કર.

✿ શાશ્વત ચીજ અંદર ધ્રુવ, અવિનાશી અણ ઉત્પન્ન ને અવિનાશી-નાશ નહીં, (એને) ઈસકો પીછાન. એ બિના તેરા નિરર્થક ભવ ચાલ્યા જશે.

✿ એ કઠણ જ છે. કઠણ તો કઈ અપેક્ષાએ-અભ્યાસ નથી માટે. બાકી છે તો અંદરની ચીજ. સરળ-સ્વ વસ્તુ છે અંદર. 'છે' તેની હી પ્રાપ્તિ કરના હૈ. પ્રાપ્તકી પ્રાપ્તિ હૈ. રાગકો અપના કરના હો ને પરકો અપના કરના હો તો કભી ના બન શકે, પણ એક ચીજ જ હૈ અંદર આનંદનો કંદ પ્રભુ, એ પ્રાપ્ત હૈ, ઉસકો પ્રાપ્તિ દશામેં કરના.

✿ આ કોઈ પંડિતાઈની ચીજ નથી. આ તો અંતરની ચીજ. યે એક આત્મામેં હી રહના વહ હિતકારી, કલ્યાણકારી ઔર સર્વસ્વ યે હૈ. સર્વસ્વ-સ્વસ્વરૂપ પ્રભુ આનંદ અને જ્ઞાનસ્વરૂપ સ્વ એમાં રહેનાર એ 'સર્વસ્વ' હૈ.

✿ અંદર જ્ઞાનસ્વરૂપી પ્રભુ-એ વર્તમાન જ્ઞાનકી પર્યાય અંદરમેં લાવને પે જાનન હોતા હૈ. જ્યાં ચૈતન્યઘન ભગવાન પડા હૈ. ત્યાં અપની વર્તમાન જ્ઞાનકી પર્યાયકો ત્યાં લે જાના-અંતર્મુખ કરના, તબ જાનનેમેં આતા હૈ.

✿ વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર એની આજ્ઞા આ હૈ કે લાખ તારી ક્રિયાકાંડ કર, ઉસસે આત્માકા જ્ઞાન નહીં હોતા. ભગવાન આત્મા-અપની જ્ઞાનકી પર્યાયમેં અંતર્મુખ હોકર જાનનેમેં આતા હૈ. એ સિવાય કોઈ રીતે જાનનેમેં નહીં આતા. જૈસે છોટી પીપર હોતી હૈ, છોટી પીપર-લીંડીપીપર-(એ) ઉસમેં અંદરમેં ૬૪ પોરી નામ ૧૬ આના રૂપિયો પૂર્ણ ચરપરાઈ પૂર્ણ ભરી હૈ, પૂર્ણ ભરી હૈ. ૬૪ પેર ઘૂંટનેસે પર્યાયમેં પૂર્ણતા પ્રગટ હુઈ, એ અંદર હૈ પૂર્ણ યે ૬૪ પહોરી તીખાશ-ચરપરાઈ આતી હૈ,

કહાઁસે આતી હૈ? ઘૂંટનેસે આતી હૈ? પર્યાયમેંસે આતી હૈ? વર્તમાન તીખાશ ચરપરાઈ હૈ વો તો અલ્પ હૈ-ઉસમેં સે આતી હૈ? આહીં તો કહતે હૈં કિ રાગ કરતે કરતે હોગા યે તો મિથ્યા હૈ, પણ વસ્તુ કો અપૂર્ણ, અધૂરી માને તો ભી મિથ્યાત્વ હૈ, એને પૂર્ણતા નહીં પ્રાપ્ત હોગી. એમ ભગવાન આત્મા સર્વજ્ઞ સ્વભાવ, સર્વદર્શી સ્વભાવ, પૂર્ણ આનંદ સ્વભાવ, પૂર્ણ અકષાય સ્વભાવ, પૂર્ણ વીતરાગ સ્વભાવ, પૂર્ણ પ્રભુત્વ સ્વભાવ, પૂર્ણ સ્વચ્છત્વ સ્વભાવ, ઐસા પૂર્ણ સ્વભાવસે ભરા પડા ભગવાન હૈ.

✿ એક મ્યાનમેં દો તલવાર રહ નહીં શકતી. નિમિત્તકા પ્રેમ રહે, રાગકા પ્રેમ રહે ઔર એક સમયકી પર્યાયમેં જ્ઞાનકા ઉઘાડ-વિકાસ હુઆ પરલક્ષી ઉસમેં પ્રેમ રુક જાયે-તો અપના આત્મા નહીં જાનનેમેં આતા.

✿ જાગૃત ભગવાન આત્મા-ચૈતન્યની જાગૃત શક્તિ સંપન્ન પ્રભુ-ઉસકો પહિચાન લે. જાગૃત કો પહિચાન લે, અજાગૃત રાગાદિકો પહેચાન છોડ દે. જાગૃત જ્યોતિ ઝળહળ જ્યોતિ બળે છે ને. અંદર!

✿ ભક્તિ : રાગથી નોખો વળી ભાગથી નોખો (૨)

અભેદ અખંડ ને ધરીએ, વાલીડા, નેહડો લાગ્યો સત્ સાથે.

✿ શાંતિનો સાગર-ઝળહળ જ્યોતિ પ્રભુ એ આત્મા ઉસકો પહિચાન લે.

✿ જાગૃત ભગવાન જ્ઞાયકસ્વરૂપ-ઉસકો પહિચાનનેસે પર્યાયમેં જાગૃત-પણા પ્રગટ હોગા. (એ) સ્વભાવ જાગૃત ત્રિકાળ હૈ, નિત્યાનંદ પ્રભુ-ધ્રુવ સ્વરૂપ ઉસકી પહિચાન કર તો તેરી પર્યાયમેં ભી જાગૃતકા-જ્ઞાતા દૃષ્ટાકી પર્યાય, આનંદકી પર્યાય પ્રગટ હોગી તેરે. જાગતી જ્યોતકો જાન. ચૈતન્ય સ્વરૂપકો ચૈતન્યકો જાન. જાનનેકી-જાનતે યે પર્યાય. પણ જાનન પર્યાયમેં જાનનેમેં આતા હૈ ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ. વો પર્યાયમેં જ્ઞાનકી પર્યાયમેં આ જાગૃતસ્વભાવ જાનનેમેં આયા, છતાં વો જાગૃતસ્વભાવ પર્યાયમેં આયા નહીં. જાગૃતસ્વભાવકા સામર્થ્ય કિતના હૈ યે પર્યાયમેં આયા હૈ. પર્યાય કંઈ દ્રવ્યરૂપ હો જાતી હૈ-ઐસા હૈ નહી. અને દ્રવ્ય પર્યાયમેં આ જાતા હૈ. ઐસા હૈ નહીં. ઉસકો પહિચાન.

✿ ભક્તિ : હું શુદ્ધ, ચૈતન્ય, અવિનાશી

એવો આત્મા છું, આત્મા છું. (૨)

✿ લક્ષ્મી મિલના, શરીર અનુકૂળ મિલના યે દુર્લભ હૈ. ક્યોંકિ ઉસમેં રાગ કામ નહીં કરતે, વો તો પૂર્વકા કર્મ હો તો મિલે અને ભગવાન આત્માકા મિલના યે સુલભ હૈ ક્યોંકિ યે તો અપની ચીજ હૈ, ઉસમેં કોઈ રાગ અને કર્મકી મદદ મિલે તો મિલે ઐસી ચીજ નહીં. યે રાગની ક્રિયા જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિકા પરિણામમાં મહત્તા લગી ઉસકો ઔર અપના ચૈતન્ય હૈ ઉસકી મહત્તા ન જાની.

✿ વિકાર હૈ યે મર્યાદિત હૈ. (ઉસે) ઉસકા નાશ હો શકતે હૈ અને અવિકારી ભગવાન આત્મા-અનંત ગુણનો પિંડ પ્રભુ-ઉસકી કોઈ પણ શક્તિ કે સ્વભાવ અમર્યાદિત હૈ. આ બહારની ચીજની વિસ્મયતામાં રોકાઈ ગયો. એ રોકાવા (વાળી) ચીજ ભી મર્યાદિત હૈ. એ કારણે હદવાળી ચીજ હૈ તો ઉસસે હટ (ખસી) શકતે હૈ. ભગવાન આત્મા અમર્યાદિત સ્વભાવવાળા હૈ. ઉસકો પકડ-એ હવે અમર્યાદિત શક્તિ કો પકડા તો ઉસકી મર્યાદા નહીં હવે. આ ઐસેને ઐસે રહેગા. ભલે પર્યાય ક્ષણિક હૈ. પર ઉસકા આધાર જો અમર્યાદિત હૈ એ તો કાયમ રહેગા.

✿ અંદર આનંદસ્વરૂપ ભગવાન-વસ્તુના સ્વરૂપ જે જ્ઞાનસ્વરૂપ હૈ-ત્યાં જ્ઞાન પ્રધાન લિયા હૈ. જ્ઞાનરૂપ પરિણમન હોના. શ્રદ્ધા-એકલી શ્રદ્ધા ઐસા નહીં. જ્ઞાનરૂપ પરિણમન હોના, જ્ઞાનકા પરિણમન હોના, પ્રભુતાકા પરિણમન હોના, સ્વચ્છતાકા પરિણમન હોના, સ્વસંવેદન પ્રત્યક્ષ હોનેકી શક્તિ હૈ, તો સ્વસંવેદન પ્રત્યક્ષ હોના.

✿ જેને અરિહંતકી પર્યાયકા દ્રવ્ય-ગુણ-પર્યાયકા જ્ઞાન હુઆ, હૈ એ જ્ઞાન પરલક્ષી. પણ પીછે એ પરલક્ષી જ્ઞાનમેંસે મેરી દ્રવ્ય શક્તિ કિતની હૈ ? ભગવાનકા દ્રવ્ય હૈ ઈતના હી મારા દ્રવ્ય હૈ. ભગવાનકા ગુણ હૈ ઈતના હી મેરામેં ગુણ હૈ. ભગવાનકી પર્યાય ઈતની પ્રગટ હુઈ હૈ. ઈતની પર્યાય મેરી પ્રગટ નહીં.

✿ શરીર, વાણી, મન તો એના પ્રભુ આત્મામાં છે જ નહીં. એમ પુણ્ય પાપ શુભાશુભ ભાવ-રાગ-એ પણ આત્મામાં છે નહીં, પણ આત્મામાં વર્તમાનપર્યાય છે-તે પણ એમાં નથી. આ શરીરથી તો ભિન્ન, પણ એક સમયની એની પર્યાય હાલે છે-હલચલ પરિણમન થાય, એ પણ ખરેખર સક્રિય છે એનાથી ભિન્ન નિષ્ક્રિય છે. એનો સ્વભાવ પૂર્ણાનંદ પ્રભુ-

અખંડ-એક સ્વરૂપે પ્રભુ છે. એને એની પાસે બીજી કોઈ ચીજની કિંમત નથી. એક સમયની પર્યાયમાં-અવસ્થામાં અનાદિથી ઘૂંટાઈ રહ્યો છે. પણ એ એક સમયની દશાની પાસે અંદર-અંદરમાં પ્રભુ પૂર્ણાનંદનો નાથ આત્મા બિરાજે છે. તું જે જોનાર છો, તે જોવે છે પરને, આ શરીર છે ને આ રાગ છે ને આ આ છે ને, એ જોનારને જોવાની ચીજમાં પર ઉપર લક્ષ ગયું છે અનાદિથી, એ જોનારને તું અંદર જો. સર્વજ્ઞ સ્વભાવી ભગવાન પરમસ્વરૂપ-એને જોતા, જોતા, જોતા, જોતા, જોતા, ઠરતાં તારી દશામાં પણ તે જ રીતે સર્વજ્ઞ પર્યાય પ્રગટ થશે.

✿ અંદર જાગતો ચૈતન્યસ્વરૂપ પ્રકાશની પૂંજમૂર્તિ-ચૈતન્યના પ્રકાશની મૂર્તિ જાગતો-જાગતો જીવ છે, ‘ઉભો છે’ એટલે ધ્રુવ છે. ચૈતન્યજ્યોતિ-જાગતો જીવ-ધ્રુવ છે. ધ્રુવ-જાગતો જીવ અંદર છે એવું જેને અંતરદષ્ટિ થાય એને જરૂર પ્રાપ્ત થાય જ. ‘જાગતો’ એટલે ઈ કોઈ દિ ઉંઘતો નથી. એને કોઈ’દિ નિંદ્રા નથી. એના સ્વભાવમાં કદી અશુદ્ધતા નથી. એના સ્વભાવમાં કદી અપૂર્ણતા નથી. એના ત્રિકાળી જાગતી જ્યોતને કદી આવરણ નથી.

✿ અવિનાશી તત્ત્વ છે ને એ ? એ તત્ત્વ તો પરિણમતુંય નથી, પરિણમે છે એ પર્યાય છે. પણ તે જ્ઞાનની પર્યાય ધ્રુવ સ્વરૂપ છે, ઊભો છે, નિત્યાનંદ છે, એને જો નજર કરે તો પર્યાયમાં ધ્રુવપણાની પ્રાપ્તિ થાય. ધ્રુવ પર્યાયમાં આવે નહીં પણ પર્યાયમાં ધ્રુવનું જેટલું સામર્થ્ય છે, એટલું તેના જ્ઞાનમાં પ્રતીતિમાં આવી જાય.

✿ પ્રભુ તું કૌન હૈ? ક્યા હૈ? આહા! તેરી તને ખબર નહીં પ્રભુ. તેરી પ્રભુતા-તો જ્ઞાન ને આનંદ સ્વરૂપમેં તેરી પ્રભુતા હૈ. રાગ અને પરની પ્રભુતા માનતે હૈ પ્રભુ! એ તો મૂઢ જીવ હૈ.

✿ ‘એક વાર વંદે જો કોઈ’ સમ્મેદ શિખરની જાત્રા કરે, અરે! પ્રભુ! મોટો સમ્મેદ શિખર પ્રભુ તું છો અંદર-એની જાત્રા એની પર્યાયમાં પ્રગટ કર.

✿ એ ચૈતન્યને ગ્રહણ કરવામાં એકને જ ગ્રહણ કર, ભેદને નહીં, પર્યાયને નહીં, રાગને નહીં. અભેદ ચૈતન્યસ્વરૂપ-એકરૂપ ધ્રુવ સ્વરૂપ-એને ગ્રહણ કર.

✿ ભગવાન અંદર નિર્લેપ-નિરાવરણ-અલ્પજ્ઞતા અને અશુદ્ધતા રહિત,

સર્વજ્ઞ ને શુદ્ધતાથી ભરેલો ભગવાન-ઐસા આત્મતત્ત્વ હૈ, ઉસકી પહિચાન કરના ઔર ઉસકી મહિમા કરની ચાહિયે. અરે! મહિમા કરે તો પહિચાન હોતી હૈ. આ ચીજ કોઈ અલૌકિક હૈ, અલૌકિક હૈ અંદર, ઐસી મહિમા આતી હૈ તો દૃષ્ટિ ત્યાં જાતી હૈ. તો સમીપમેં જાતા હૈ ચૈતન્ય કે.

✿ શાશ્વત આત્મા રમણીય હૈ. ભગવાન ! તૂ શાશ્વત હૈ ને ત્રિકાળ ? કદી ઉત્પત્તિ હુઈ ને કદી નાશ હોતા હૈ ઐસા નહીં. એ તો શાશ્વત વસ્તુ હૈ અંદર જ્ઞાયકભાવ. ઉસકો પહિચાન. શાશ્વત આત્મા રમણીય હૈ-ઉસે ગ્રહણ કર. રાગ આતા હૈ તો ગ્રહણ ન કર.

✿ અટકનેકે તો અનેક અનેક પ્રકાર હૈ. કિન્તુ સફળ હોનેકા એક હી પ્રકાર હૈ. યહ એ હૈ, 'ચૈતન્ય દરબારમેં જાના'. ભગવાન અનંત ગુણકા દરબાર હૈ. આત્મા બાદશાહ હૈ ને ઉસકી અનંત ગુણ પ્રજા હૈ. ઉસકા સ્વદેશમેં જાના.

✿ 'લાખ વાતની વાત-નિશ્ચય ઉર આણો, છોડી સકળ જગ દ્વંદ ફંદ નિજ આતમ ધ્યાવો.' પ્રભુ ! આનંદકા ધામ નાથ-ત્યાં દરબારમેં પ્રવેશ કરો.

✿ ભક્તિ : શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ (૨)

✿ સ્વયં આનંદ જ્યોતિ સુખ ધામ. આહા! મેરા ક્ષેત્ર, મેરા ધામ, મેરા સુખધામ. આહા! એ ત્રિકાળી જ્ઞાયક એ વિશ્રામ મહેલ હૈ, જિસમેં દૃષ્ટિએ પ્રવેશ કિયા. અર્થાત્ દૃષ્ટિને જિસકા સ્વીકાર કિયા, ઉસકો મહેલ-વિશ્રાંતિકા મહેલ મિલ ગયા. અનાદિકા પુણ્ય અને પાપકા થાક ને અવિશ્રામ થા, ઉસકો અંતર્દૃષ્ટિ જ્યાં હુઈ, ત્યાં એને વિશ્રામ લેનેકા સ્થાન ધામ મિલ ગયા.

✿ તીર્થંકરો-શાંતિનાથ આદિ છ ખંડ કો સાધતે હૈ-કહતે હૈ-પણ ઉસને તો અખંડ સાધા હૈ, છ ખંડ નહી, અખંડ આત્માકા સાધન કિયા હૈ ઉસને તો અદર. છ ખંડ ક્યા ? આ છ દ્રવ્યનો જાણનાર ભગવાન પર્યાય એ છ ખંડ યહાઁ હૈ. એક સમયકી પર્યાય છ દ્રવ્યકો જાનતી હૈ યે બાહ્ય હૈ. ઉસને તો અખંડ સાધા હૈ. પર્યાયકો ભી નહીં.

✿ સિદ્ધ તો લોકાગ્રમેં વિચરતે હૈ અને તુમ ભી સિદ્ધ સમાન-તેરી ચીજ હૈ. લોકસે અગ્ર નામ ભિન્ન તેરા વિચરના હૈ. લોકાગ્રમેં વિચરનેવાલા-

પ્રભુ ! જગતસે નિરાલા તેરા વિચરના આહા! તેરે તો સિદ્ધ હોના હૈ, લોકાગ્ર રહતે હૈ તો અભી તૂ યે લોકસે ભિન્ન રહના હૈ. લૌકિક-રાગાદિ જે લૌકિક હૈ-ઉસસે તો ભિન્ન રહનેવાલા હૈ ને ભગવાન!

✿ તેરા દેશમેં રહના હૈ. તેરા દેશ તો વીતરાગી સ્વભાવ હૈ. રાગકા દેશમેં જાના એ તો પરદેશ ભાવ હૈ. ત્યાં કોઈ આત્માકા પરિવાર હૈ નહીં.

✿ જંગલમેં સિંહ નિર્ભયરૂપસે વિચરતા હૈ. એને કોઈનો પરિચય છે? કોઈનો ડર છે? સિંહને-કેસરીસિંહ-જંગલનો રાજા, એમ કહેવાય છે ને? વનરાજ-વનનો રાજા-એમ ભગવાન! તું ત્રણ લોકનો જાણનાર ચૈતન્યરાજા-ત્રણ લોકનો પરિચય કરનાર નહીં. ત્રણ લોકનો જાણનાર રાજા. શ્રુતજ્ઞાનમાં ભી ત્રણ લોકનો જાણનાર તું છો પ્રભુ. લોકો માને, બહોત માન આપે ને, અપની પ્રશંસા કરેને, ઉસકા પરિચય કરેગા-મરી જાયેગા ત્યાં. રાગ-અપના પરાક્રમસે-સ્વભાવ સન્મુખ પુરુષાર્થસે વીતરાગભાવ તરફ અંતરમેં વિચરના.

✿ અસંગ-સંબંધ રહિત ચીજ હૈ (મેરા તો મેરા આત્મા સાથે સાધકકો સંબંધ હૈ.) સાધકકો રાગ અને નિમિત્ત સાથે સંબંધ હૈ નહીં.

✿ અરે પ્રભુ! તારામાં અનંતી લક્ષ્મી ક્રોડાક્રોડની-પાર ન હો એટલી લક્ષ્મી આનંદની પડી હૈ ને પ્રભુ ! એ સામુ તેરે જોના હી નહીં. અને ઉસસે વિમુખ હોકર પરમેં જોના હૈ, તેરી સ્થિતિકો નકાર કરતે હૈ. તે હિંસા કિયા હૈ.

✿ અરે પ્રભુ! તેરે પાસ તો અંતરમેં તેરે ખબર નહીં, ભાઈ! તેરે પાસ તો અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત ઈશ્વરતા, સ્વચ્છતા, જીવત્ત્વતા આદિ અનંત શક્તિઓનો ભંડાર હૈ પ્રભુ ! મહાલક્ષ્મી પડી છે. એકવાર નજરે નિહાળ તો ખરો. પ્રભુ!

✿ અંતરના તળિયા તપાસીને આત્માને ઓળખ. પ્રભુ! જે અંતરનું તળીયું ધ્રુવ છે, એક સમયની પર્યાય તો ઉપર તરે છે ઉપર, પુણ્ય પાપના ભાવની તો અહીંયા વાત જ શું કરવી? અંતરમાં તળીયું એટલે ધ્રુવ-એક સમયની પર્યાયની પાસે-સમીપે અંતરમાં જે આત્મા છે એને (એને) તપાસ. અંતરમાં તળીયા એટલે ધ્રુવ-અંતર વસ્તુ જે છે આખી-એને તપાસ. તપાસીને આત્માને ઓળખ. આત્માને ઓળખવાનો એ જ ઉપાય

છે. સમ્યગ્દર્શન પામવાનો આ એક જ ઉપાય છે કે અંતર પર્યાયની પાછળ અંતરમાં-સ્વમાં જે ધ્રુવ છે એને તપાસીને આત્માને ઓળખ. પર્યાયને અને રાગને ઓળખીને આત્મા નહીં ઓળખાય.

✿ જો મૂળ સ્વભાવને પકડ્યો હશે તો ગમે તે પ્રસંગો આવે-જ્ઞાયકભાવ-સ્વભાવભાવ-ધ્રુવભાવ-પરમ પારિણામિકભાવ-સહજ એકરૂપ રહેનારો ભાવ-સદૃશ્ય રહેનારો ભાવ-પલટન જેમાં એક સમયનું પણ નથી-એવો મૂળ સ્વભાવ પકડ્યો હશે તો ગમે તે પ્રસંગો આવે એ સમયે શાંતિ-સમાધાન રહેશે. રોગ આવે, નિંદા આવે, પ્રતિકૂળતા આવે, આહા! મૂળ પકડ્યું હશે તો શાંતિ રહેશે.

✿ જ્ઞાયકભાવ-શુદ્ધભાવ-સ્વભાવિકભાવ છે એને મર્યાદા શી? મોટો દરિયો મોટો સિંધુ-જે આત્મા છે એવું જો એને લક્ષ થાય તો એ વસ્તુ 'જાણનાર છે', જાણનારનો સમૂહ છે. જાણનાર સિવાય એ ચીજ બીજે ક્યાંય નથી. એ જાણનારનો સમૂહ છે અને એ જાણવામાં કોને ન જાણે? કેટલાને ન જાણે? કેટલા કાળને, કેટલા ભાવને ન જાણે ? એ જાણનારો છે એમાં એ એની મર્યાદા શી? તેવા જાણવાના સ્વભાવથી ભરેલો-ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય-કદી કોઈ કાળે બંધાયેલો નથી. મુક્ત છે કે બંધાયેલો છે તે વ્યવહારનયથી (છે). વસ્તુ ભગવાન આત્મા-એનું તો મુક્તપણું અને બંધાયેલુંપણું-બેઉથી રહિત છે. મુક્તપણું એ પર્યાય છે અને બંધન પણ એ પર્યાય છે. એ પર્યાયથી રહિત ત્રિકાળી ચીજ છે એ બંધાયેલું કે મુકાયેલું-બેયથી રહિત છે. આવું સમજવું.

✿ ક્યાંથી શરૂ કરવું પણ આવડી મોટી વાતોમાં? આહીંથી શરૂ કરવું આત્મામાથી. એનું તળ જે છે ઊંડું-ગંભીર, ગંભીર, ગંભીર, અનંત ગુણોની સંખ્યા, એ સંખ્યાનો અંત નહી છતાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનમાં જણાય. જેના ગુણોનો અંત નહીં આવું અસ્તિત્ત્વ એવું જીવ તત્ત્વ જ્યાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં બેઠું, એ મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાનમાં 'એ વસ્તુ છે' એ બેઠી. 'બેઠી' કે છે કે 'એ વસ્તુ બેઠી નથી' એ તો પર્યાયમાં ખ્યાલ આવ્યો. વસ્તુ તો વસ્તુ છે. ખ્યાલ ના આવે તોય પર્યાયમાં અને ખ્યાલ આવે તોય પર્યાયમાં-બેઉથી રહિતવસ્તુ છે-બંધાયું નથી, જે કરવાનું છે-એ તો ત્રિકાળી ધ્રુવ છે તેને અનુભવવું, તેને પકડવો, તેને જ્ઞાનમાં લેવો,

એને શ્રદ્ધામાં-શ્રદ્ધા કરવા યોગ્ય બનાવવું. અનંત ગુણ છે, અખંડ પ્રદેશ છે. પ્રદેશ પ્રદેશે અનંત ગુણ છે, એની અનંતી પર્યાય છે, એવી વાત બીજે ક્યાંય નથી. એથી પહેલું-આત્માને ભલે એકદમ અંદર પેસી ન શકે પહેલો તો આ વસ્તુ સ્થિતિ આવી છે એવું પાંચ ઈન્દ્રિયોના વિષયોને બંધ કરી દીધા, એકલો મનની કલ્પનાથી જ અંદર નિર્ણય કરવા મંડ્યો છે. એકદમ પાંચ ઈન્દ્રિય તરફનું બંધ કરીને અંદરથી મનના સંબંધે, રાગના સંબંધે, મનના સંબંધે, અંતરમાં 'આવો આત્મા, આવો આત્મા' એવો વિકલ્પથી નિર્ણય અંતરના મનના સંબંધથી કરે છે. કેટલી નિવૃત્તિ છે અંદર? પાંચ ઈન્દ્રિય તરફનું લક્ષ છૂટી ગયું છે. એના તરફનો વિચાર નહીં. હવે અંદર મનમાં-મનનો સંબંધ છે તેથી રાગનો સંબંધ છે પણ એકલો રાગના વિકલ્પના સંબંધનો મનના સંગે 'આવો આત્મા છે' એટલી નિવૃત્તિથી વિકલ્પથી નિર્ણય કરે છે. એકદમ બંધ થઈ ગયું બધું પાંચ ઈન્દ્રિયનું. એક આત્મા ને વિકલ્પ મન. બસ! એની સાથે આ બધું. નિર્ણય કરવા માંડ્યું. 'હું એક છું, હું શુદ્ધ છું' વિગેરે વિગેરે ઘણું છે લાંબુ. જેણે આવો આત્મા, પોતાના હિતને માટે આવો નિર્ણય કર્યો છે એ વિકલ્પ તોડીને અંદર પેસશે. સ્વભાવ માટે જ વિકલ્પનો નિર્ણય કરે છે કારણ કે એકદમ બધું બંધ કરીને અંતરથી વિચાર આવ્યો એકલો કલ્પના એ 'આ એક છું. અખંડ છું, અનાદિ અનંત છું, કર્તા, કર્મ, કરણ પર્યાયના ભેદ છે એથી પણ ભિન્ન છું'. પર્યાયના કર્તાકર્મપણાથી પણ અનુભૂતિ ભિન્ન-અનુભૂતિ એટલે ત્રિકાળી. પર્યાયની વાત ત્યાં નહીં.

✿ હથેળીમાં ઉતાર્યો છે (આત્માને). 'જો આ. જો આ' તારી નજર તો કર એક તારી નજર પરમાં છે એને પલટાવ, ભાઈ ! તું પલટાવ એટલે કે (જે કરવાનું છે ત્યાં) પલટો કરીને ક્યાં? હું આત્માને કઈ રીતે જાણું? એમ લગની લગાડીને, છે તો ભલે વિકલ્પ ત્યાં પ્રયત્ન કરે તો જરૂર માર્ગ હાથ આવે. હોય, વિકલ્પ છે પણ છતાંય જે કરીને છોડે છે. જરૂર હાથ અંદર આવે છે. છે લગની લાગી છે 'આ, આ, આ' એટલું ભેદ છ ને! લગની આત્મામાં લગાડું એટલો પણ ભેદનો વિકલ્પ છે ને? બહુ સૂક્ષ્મ છે, એને છોડીને જરૂર માર્ગ હાથ આવે.

✿ મોહ પરમ મમ્ નાહી, નાહી, બ્રહ્મરૂપ હૈ,
શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.

શુદ્ધ ચેતના સિંધુ-દરિયો પડ્યો છે મોટો. એને કંઈ ક્ષેત્રની મોટપની જરૂર નથી. એના સ્વભાવના સામર્થ્યની મોટપની જ જરૂર છે. એની મોટપ ત્યાં છે. એવા જ્ઞાયકભાવને, પકડવાથી ગમે તે પ્રસંગો આવે તે સમયે શાંતિ, એટલે જ્ઞાતા દૃષ્ટા રહે છે.

✿ ભગવાન અંદર વસ્તુ છે કે નહીં? અને છે તો એમાં ભરેલા ભરપૂર સ્વભાવ છે કે નહીં? અને સ્વભાવ હોય એ ભરપૂર ને પૂરા હોય કે અપૂર્ણ હોય? ભગવાન આત્મદેવ-અંદર આત્મદેવ બિરાજે છે. એટલે કે દેહથી તો ભિન્ન પણ એ દયા, દાનના, પુણ્ય, પાપના ભાવથી પણ આતમદેવ અંદર છે, રાગાદિ બાહ્ય છે અને રાગાદિને પોતાના માનવા એ બહિરાત્મ છે અને રાગાદિથી ભિન્ન આત્મા છે એને જેવો છે એવો પૂર્ણ માનવો એ અંતરાત્મા છે અને અંતરાત્માના સાધક દ્વારા પૂર્ણ પરમાત્મદશા સાધ્ય પ્રગટ કરવી તે પરમાત્મા છે આ ત્રણ દશા છે.

✿ 'બધા કાર્યોમાં દેખાવા છતાં પોતે છૂટ્ટો છે' એમ જાણ. અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવ સ્વરૂપ. આ નહીં, આ નહીં, આ નહીં, આ નહીં, આ નહીં શરીર નહીં, વાણી નહીં, કર્મ નહીં, ઘર નહીં, સ્ત્રી નહીં, કુટુંબ નહીં, રાગ નહીં, પુણ્ય નહીં, પાપ નહીં, બાકી બાદ કરતા રહે તે પોતે પ્રભુ છે આત્મ!

✿ ભક્તિ : હું દેહાદિ સ્વરૂપ નથી (૨),
એ સ્ત્રી પુત્રાદિ મારા નથી (૨) આત્મા છું, આત્મા છું. (૨)

✿ એકલો જ્ઞાયકભાવ-એક સમયની પર્યાય જેટલો નહિ. ત્રિકાળી જ્ઞાયકભાવ-પૂર્ણ જ્ઞાયકભાવ-પૂર્ણ સહજ જ્ઞાયકભાવ સ્વરૂપ પ્રભુ છે. પૂર્ણ સહજ સ્વભાવિક અણ કરેલી વસ્તુ અકૃત્રિમ, પૂર્ણ સ્વભાવથી ભરેલો એવો જ્ઞાયકભાવ-એને પકડ. પકડ, પકડે પર્યાય. પણ પકડે જ્ઞાયકને. 'જ્ઞાયકભાવ' એમ કીધું છે ને? એને 'પકડવાથી' એટલે 'જ્ઞાયકભાવ પર નજર કરવાથી. 'જ્ઞાયકભાવ ધ્રુવને ધ્યેય બનાવતા બધું હાથ આવશે. બધું હાથ આવશે. કેવળજ્ઞાન થશે, પ્રભુ! આહા. જ્ઞાયકભાવને-જાણક સ્વભાવ ભાવ પૂર્ણ ભરેલો ભગવાન-એક સમયની પર્યાયથી પણ ભિન્ન,

એવો જ્ઞાયક ભાવ નિત્યાનંદ પ્રભુ-ત્રિકાળી સહજાત્મસ્વરૂપ પ્રભુ ! એને પકડવાથી એટલે કે તેના ઉપર દૃષ્ટિ કરવાથી એટલે કે જ્ઞાયકભાવ સન્મુખ થવાથી બધું હાથ આવશે, બધું તને મળશે પ્રભુ ! એનાથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર, શુક્લધ્યાન ને કેવળજ્ઞાન. (મળશે)

✿ આત્મા પર્યાયનો કર્તા ને તું તો એવડો છો ને ! તને ખબર નથી. તારી મોટપની મહિમાની તને ખબર નથી કેમકે પર્યાય એક અંશ જે દશા એક ગુણની એક અવસ્થાની દશા એના પ્રેમમાં આખો ભગવાન અંદર છે, એને તું ભૂલી જા છો.

✿ જ્ઞાયકનો અંતઃ સ્થળમાંથી ખૂબ મહિમા આવવો જોઈએ. જ્ઞાયક એટલે વસ્તુ-એકલો જ્ઞાન જ્ઞાન જ્ઞાનનો પિંડ-એ ધ્રુવ સત્, ત્રિકાળ, એકરૂપ સત્ વસ્તુ છે ? ને વસ્તુ છે ને? એવો જ્ઞાયકભાવ એ અંતઃસ્થળમાંથી એનું અંતઃસ્થળ-એનું સ્થાન છે ત્યાંથી. જ્ઞાયકનું ધ્રુવ સ્થાન છે. જાણનાર, જાણનારો, જાણનારો પ્રભુ ! એનું ધ્રુવ સ્થળ છે. અંતઃસ્થળ એટલે અંદર ધ્રુવસ્થાન છે. ધ્રુવધામ છે. એમાંથી ખૂબ મહિમા આવવો જોઈએ ત્યારે એને આ પ્રાપ્તિ થાય.

✿ જેની અંદરમાંથી, પર્યાયમાં જ્ઞાનનો ૧૧ અંગનો ક્ષયોપશમ હો, નવ પૂર્વની લબ્ધિ હો તો પણ મહિમા ઊંડી થવી જોઈએ. મહિમા તો પૂર્ણાનંદનો નાથ, પૂર્ણ વસ્તુ-અસ્તિ છે એનો ખૂબ અંતરમાં મહિમા આવવો જોઈએ. વિશેષતા, મોટપ, સર્વોત્કૃષ્ટતા. સર્વોત્કૃષ્ટ એ વસ્તુ છે, પૂર્ણ વસ્તુ જ્ઞાયક છે એ મહિમા અંદર (આવવો જોઈએ). વિશેષ-કોઈ ચીજ જ અલૌકિક છે આ વસ્તુ જ જ્ઞાયક અસ્તિપણે છે તે અલૌકિક ચીજ છે. જેની સર્વોત્કૃષ્ટતા (છે), પરમાત્મસ્વરૂપ જ છે. 'પોતે પરમાત્મ સ્વરૂપ જ છે' એમ એની અંતરમાં મહિમા આવવી જોઈએ.

✿ અનંત ગુણ સ્વરૂપ આત્માને જો. અનંત ભગવાન આત્મા એક શક્તિરૂપ નથી. વસ્તુ હોય એ એક શક્તિરૂપ ન હોય, અનંત શક્તિ છે, પરમાણુ છે, પોઈન્ટ-એ પણ અનંત શક્તિવાન છે. જડની શક્તિ છે. એ પરમાણુ પોતાના વર્ણ, ગંધ, રસ પલટીને કોઈ દિવસ અરૂપી થાય ? એવી શક્તિવાળું એ તત્ત્વ છે. એમ ભગવાન આત્મા-જ્ઞાન, દર્શન,

આનંદ આદિ અનંત ગુણરૂપ ભંડાર પ્રભુ છે. એ ગુણ બદલીને કોઈ દિવસ રંગ રૂપે થાય? પરમાણુના વર્ણ, ગંધ પલટીને કોઈ દિવસ ચૈતન્યના જ્ઞાન, દર્શન થાય? જાણનારો કોઈ દિ અજાણરૂપે થાય? અને અજાણનારા તત્ત્વો કોઈ દિ જાણરૂપે થાય? એવો અહીંયા ભગવાન અંદર તૂં છો. બસ ! 'જાણનારો'.

✿ અનંત ગુણ સ્વરૂપ આત્માને જો. જે આત્મા છે તેનો જ્ઞાન સ્વભાવ છે. સ્વભાવ છે તેને હદ ન હોય. એની દશામાં-હાલતમાં ભલે મર્યાદિત આવી જાય. પણ એના સ્વભાવમાં હદ ના આવે. બેહદ જેનું જ્ઞાન, બેહદ જેનો આનંદ, અનંત જેનું ઈશ્વરરૂપ, અનંત અનંત જેની શાંતિ, અનંત અનંત, અનંત, અનંત, અનંત જેની શાંતિ. જેની શાંતિના માપ કરતા માપ થઈ શકે નહીં એવી શાંતિ ભરેલી છે શુભાશુભ ભાવ એ તો વિકાર છે. વિકારરહિત અંદર વસ્તુ છે એ પરમશાંત, શાંત, શાંત. એ ક્રોધ અને વિકારનો અંશ કાઢી નાખે તો અંશે શાંતિ જ્યાં દેખાય. એ શાંતિનું સ્વરૂપ જ એનું છે. એવું બેહદ અનંતગુણરૂપ સ્વરૂપ પ્રભુ-એને જો. આને (પુદ્ગલને) ન જો, આને જો. જોનારને જો, જોવાય તેને ન જો.

✿ પ્રભુ! કોણ તું એક છો? ને એ શું છે? એની સંભાળ કર. એને સંભાળીને રાખ. તું રાગ અને પુણ્ય-પાપને સંભાળીને રાખે છે. એને યાદ કરીને પણ પર પદાર્થને આમ રહેવું જોઈએ. અને આમ રાખવું જોઈએ. એવા અનેરે-અન્ય માર્ગે ચડી ગયો છો. પણ તારી સંભાળ કરને, પ્રભુ! તું કેટલો ? કેવડો છો, પ્રભુ? છે શું એ ચીજ? અને છે તો એનું સ્વરૂપ કેટલું કેવડું હોય? જે સ્વતંત્ર વસ્તુ છે અને જે આદિ ને અંત વિનાની ધ્રુવ ચીજ છે, એ ધ્રુવના સ્વભાવની હદ કેટલી હોય?

✿ 'પરથી ભિન્ન અને સ્વભાવથી અભિન્ન' એવા આત્મા તરફનો એને ખ્યાલ આવતો નથી. એ ચીજ આવડી છે. જેમાં ક્યાંય નવું કરવું પડે નહીં. નવું કરે તો એ થાય (નહીં). જેમાં ઘટશે માટે કંઈ પુષ્ટી આપવી પડે તો થાય (એવું નથી). જેમાં ઘટ-વધ નથી એવો ત્રિકાળી સહજ સ્વભાવ પ્રભુનો એનો એને ખ્યાલ આવતો નથી. જે ચીજ છે વાસ્તવિક. વાસ્તવિક અસ્તિ છે, જેની ઉત્પત્તિ અને વ્યય-બે છે નહીં. ઉત્પત્તિ અને વ્યય તો પર્યાયમાં છે. ત્રિકાળી સહજ સ્વભાવ અતીન્દ્રિય અમૃતના

સાગરથી પૂર્ણ ભરેલો ભગવાન-એને શુભ અશુભ ભાવની ટેવને લઈને આ ખ્યાલમાં આવતું નથી. શુભ અને અશુભના પરિચયને લઈને, સાંભળ્યું તો ઠીક, એ તો પરિચય કર્યો ઘણો, એનો સમસ્ત પ્રકારે 'ચય'-પરિચય-સમસ્ત પ્રકારે એનો ચય. એટલે આમ પરિચયનો ઢગલો કર્યો, સમસ્ત પ્રકારે એનો ઢગલો કર્યો. અશુભ રાગની ટેવને લઈને અશુભ કર્યું, સહજ એને લાગ્યું. શુભની ટેવને લઈને શુભ કર્યું, સહજ લાગ્યું. પણ સહજસ્વરૂપ જે છે-કરવું નથી, ઉત્પન્ન કરવું નથી, વ્યય થતો નથી એની ટેવ પાડે તો એ વસ્તુ હાથ આવે એમ અંદર-પર્યાયમાં ટેવ પાડે એ તો એક જુદી વસ્તુ છે. પણ ધ્રુવની ટેવ પાડે તો ધ્રુવ રહે-એમ નથી. ખરેખર સહજ છે તેનો-પોતાનો સ્વભાવ એ ખરેખર સહજ છે. સ્વભાવમાં આવરણ નથી, અશુદ્ધિ નથી, ઓછપ નથી. નિરાવરણ છે, પૂર્ણ શુદ્ધ છે અને તે પણ પૂર્ણ છે, એવા સહજ સ્વભાવનો ખ્યાલ આવતો નથી. ઉછળી ઉછળીને-કૃત્રિમ ભાવના ઉછળી જાય છે. શુભ અશુભ-ત્યાં ઉછળે છે. આમ, આમ, આમ ! જીવને ખબર પડતી નથી, ખ્યાલ આવતો નથી, (તેથી એને ખબર) આ ચીજ છે, પૂર્ણસ્વરૂપ છે, દરેક શક્તિ ગુણે પૂર્ણ છે અને આખું તત્ત્વ. બધાં ગુણે પૂર્ણ છે એનો એને ખ્યાલ આવતો નથી તેથી તેને ખબર પડતી નથી.

✿ શરીર તો જડ-માટી, ધૂળ હૈ આ તો. એ તો રાખ હૈ આ તો-ઉસકી ક્રિયા અસ્તિત્વકી-વો ભી જડકી ક્રિયા હૈ. આત્માકી નહીં. આત્મા કર શકતે નહીં. 'બોલના-બોલના' યે આત્માકી ક્રિયા હૈ નહીં. માટી-ધૂળકી ક્રિયા હૈ જડકી. 'ભાષણ કર શકતે હૈ મોટે અવાજે મૂઢ હૈ',-ભાષા તો જડ હૈ, ઉસકા સ્વામી હોતા હૈ ઔર અપની ચૈતન્ય ચીજ અંદર હૈ, ઉસકા નકાર કર દેતે હૈ. અનંતકાળસે રખડ્યો. 'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહીં ગુરુ સંતને મૂક્યા નહીં અભિમાન' અભિમાન છોડ્યું નહીં. જ્યાં ત્યાં અમે જાણીએ છીએ ને અમને ખબર છે-એમને એમ અજ્ઞાન પાગલ દશામાં જીવન વ્યતીત હો ગયા, અનંત વ્યતીત હુઆ હવે તો જાગને પ્રભુ! તેરી ચીજકો સંભાળ. પુણ્યપાપકી સંભાળ તો બહોત કિયા તુને. શુભ અશુભરાગ કી સંભાળ, યાદગીરી,

ધારણા, કર્તવ્ય, અનુભવ અનંત વૈર(બાર) હુઆ. પણ રાગસે પૃથક ચૈતન્ય જ્યોત ઝળહળ પ્રભુ જ્ઞાન પ્રકાશનું પૂર-આદિ ને અંત વિનાની ચીજ નિત્યાનંદ પ્રભુ ઉસકો ધ્યેય બનાકર એક બાર પર્યાયમેં શુદ્ધિ પ્રગટ કર. એ શુદ્ધિ પ્રગટ હોગી, વો ધર્મ સાધક હૈ.

✿ સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા જોયો, એવો આત્મા કોઈએ જોયો નથી. અસંખ્યપ્રદેશી છે એ તો સર્વજ્ઞે જ જોયું છે.

✿ ભાઈ ! તને મનુષ્યપણું મળ્યું અનંતે કાળે એમાં જે આ ચીજ જે વસ્તુ છે અંદર-એને જો ઓળખીને, એનું અનુમાન અને એની કિંમત ને અનુમાનથી કે અનુભવથી ન કરી તો એણે કાંઈ કર્યું નથી.

✿ આત્માની ચીજ જે આનંદ, જ્ઞાન, અનંત શક્તિ કોને કહે ? ભાઈ! વસ્તુ ભલે એક, ક્ષેત્ર ભલે નાનું શરીર પ્રમાણે, પણ એમાં અનંત, અનંત અમર્યાદિત જ્ઞાન છે. જ્ઞાન છે એની મર્યાદા શું? સ્વભાવમાં મર્યાદા શી? એવું જ્ઞાન, એવો આનંદ તને જે સુખી થવાની ભાવના છે, તો એ બધું સુખ બેહદ તારામાં પડ્યું છે. તને મોટપ લેવાની ભાવના છે, તો એ બધી મોટપ તારામાં બધી પડી છે. સુખી થવાની તને જિજ્ઞાસા છે, તો એ સુખથી ભરેલો ભગવાન! બધુ ત્યાં છે અંદર. તારા વિના બીજી બધી ચીજ મહાન દેખાય છે. તું તારામાં પ્રભુ ! 'તું કોણ છો?' પ્રભુ ! તને ખબર નથી. તારી પ્રભતા અને મોટપના સ્વભાવની તને ખબર નથી, કેમકે તેને સાંભળ્યું નથી અને એની વર્તમાન પ્રગટ અવસ્થા સિવાય અંતરમાં શું છે ? એ જોડે (સાથે) તત્ત્વ મહાપ્રભુ ! એની નજરો કદી કરી નથી. એના જ્ઞાનમાં એનો વિશ્વાસ તને આવ્યો નથી. જ્ઞાન કર્યું નથી એટલે વિશ્વાસ ક્યાંથી આવે? એ બધું આત્મામાં આનંદ, તારે જ્ઞાન જોઈતું હોય ને? ત્રણે કાળનું? ત્રણ કાળને જાણવાનું? બહુ જાણવાનો ભાવ. પણ એ બધું જ્ઞાન તારામાં પડ્યું છે. ઘણાને જોવાનો ભાવ તને થતો હોય, તો એ બધું જ્ઞાન તારામાં પડ્યું છે.

✿ 'જાણનારો' પરને જાણે પણ 'જાણનારને જાણનારો' જાણતો નથી. પ્રભુ તારામાં છે ને? તું શરીરને ન જો, વેશને ન જો આ બહારના. અંદર પુણ્ય ને પાપના વિકલ્પોને ન જો. એ ક્ષણિક વિકૃત અવસ્થાનું પર્યાય

દૃષ્ટિથી જાણવા લાયક છે. વસ્તુ દૃષ્ટિમાં એ છે નહીં. ત્યાં તો બધું આત્મામાં છે. જે તને આનંદ જોઈતો હોય, જ્ઞાન જોઈતું હોય, શ્રદ્ધા જોઈતી હોય કે આ મારે વિશ્વાસ જોઈએ. તો એ વિશ્વાસ ભર્યો છે અંદર, વીર્ય-પુરુષાર્થ જોઈએ મારે છે, તો એ પુરુષાર્થથી જ ભરેલો ભગવાન છે અંદર, બધું ત્યાં છે.

✿ જેના એક સ્પર્શમાત્રથી અનંત શક્તિઓ જેટલી છે એનો અંશે વ્યક્ત થઈ જાય એવો એ પ્રભુ છે ને! એમ આ ભગવાન આત્મા ધ્રુવસ્વરૂપ-મૂર્તસ્વરૂપ, 'મૂર્ત' એટલે 'રૂપી એમ નહીં'. એનું સ્વરૂપ જે છે ચૈતન્ય-એ તો અંદર છે એ છે જ તે. ધર્મી જીવે જ્યારે એને જાણી લીધું કે આ સ્વરૂપ ચૈતન્યમૂર્તિ છે. પછી પોતે સ્વરૂપમાં ઠરીને જે ચૈતન્ય-સ્વરૂપની બહારની ચીજો હતી એનો અભાવ કરીને હતું એને રાખ્યું એક એક આત્મા પરમાત્મસ્વરૂપ-પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાનથી ભરેલો ભગવાન છે. અનંતાગુણની-અનંતગુણની રાશીનો ઢગલો ભગવાન. એને જેણે ઓળખ્યો અને એની જેને જ્ઞાન ને રુચિ થઈ, જાણીને, ઓળખીને રુચિ થઈ. રુચિ એટલે દૃષ્ટિ થઈ. એને એમાંથી બહાર આવવું (ગમતું નથી). રાગમાં જેનું આસન નથી, રાગમાં એ બેઠો નથી, પૂર્ણાનંદના નાથમાં જેનું આસન છે. પૂર્ણાનંદ પ્રભુ અંતર અતીન્દ્રિય આનંદનો સાગર-એમાં જેનું આસન છે-ત્યાં જે બેઠો છે. ત્યાં તે વિશ્રામ લીધો છે. 'મંથર'-સ્વરૂપ જ તેનું આસન છે. શુદ્ધ આનંદઘન નાથ-એમાં જેનું બેસણું એમાં જ જેની બેસણી છે, એમાં જેની બેઠક છે. ભાઈ! માણસ નથી કે'તા બધા આ સાંજે ઓલા માણસો જ્યાં ભેગા થાય છે ને! ત્યાં બેસવા જાય બે ઘડી. અહીં કહે છે કે નિવૃત્તિ લઈને અંદરમાં બેસવા જાય છે.

✿ ભક્તિ : અંતર ઠરે ઘર તેથી સાચું માનજો (૨)
શુદ્ધ પદ ઘર કરી લઈએ.

✿ જ્યાં પ્રભુની અંતર અનંત સંપદા પડી છે. પ્રભુ! તૂ પૂર્ણ સંપદાનો ધણી છો નાથ! તૂ નાનો નથી, તું પામર નથી, તૂ સ્ત્રી નહી, તું પુરુષ નહીં, તું મનુષ્ય નહીં, તું દેવ નહીં, તું પર્યાપ્ત નહીં, તું અપર્યાપ્ત નહીં, તું રાગ નહીં. તું દ્વેષ નહીં પ્રભુ! તારામાં પ્રભુતાનો પાર નથી ને નાથ!

એવી પ્રભુતામાં જેની લીનતા થઈ છે, એનું આસન ત્યાં છે. બેઠા છે ત્યાં નિરાંતે. એમ કહે છે.

✿ 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, એમ જ જીવ સ્વભાવ રે, શ્રી જિન વીરે ધર્મ પ્રકાશીયો, પ્રબળ કષાય અભાવ રે.' એ રાગની મંદતા ને તીવ્રતા બધો કષાય છે. એનો અભાવ તે વીરે ધર્મ કહ્યો છે. વીર તીર્થંકર ત્રિલોકના નાથ કહે છે કે અમને પણ યાદ કરવું છોડીને તું તારા સ્વરૂપને યાદ કર એટલે અનુભવ કર. ત્યારે તેની યાદગીરીમાં તને રહી જશે કે આખો આત્મા પ્રભુ શુદ્ધ અખંડ અભેદ છે. તેમાં એ યાદ રહી જશે તેમાં ધારણામાં ધારી લે.

✿ એ જ્ઞાનસ્વરૂપ ભગવાન-આનંદસ્વરૂપ પ્રભુ-સચ્ચિદાનંદ પ્રભુ-સત્ શાશ્વત-આનંદ ને જ્ઞાન આદિ અનંત ગુણોનો ભંડાર પોતે (છે). જેવું જોવા જેવું હોય તો બધું ત્યાં છે.

✿ એક વાર તું અંદરમાં પ્રવેશ કર. જ્યાં પૂર્ણ આનંદ જ્ઞાન આદિ અનેક ગુણો અનંત પૂર્ણ પડ્યા છે. ત્યાં એક વાર જો. અંદર-જોનારને જો.

✿ એક વાર અંદરમાં પ્રવેશ કર. બધું અંદર છે. ભાઈ ! જે શાંતિ જોઈએ, સ્વચ્છતા જોઈએ, મોટપ જોઈએ, ઈશ્વરતા જોઈએ, બધી તારામાં ભરી છે, પ્રભુ !

✿ જોનાર આને જોવે છે, જે એનામાં નથી. તો એ જોનાર એનામાં છે એને જો ને ! (એ) ટીકીટ જોવે ત્યારે મળે.

✿ દ્રવ્યસ્વભાવ જે ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ પ્રભુ-એને ઓળખીને એમાં સ્થિર થા એમ. ન્યાં ટકી જા ઘડીક. તને ઓળખાશે કે આત્મા પૂર્ણાનંદનાથ છે અને તને તેની પ્રાપ્તિ પર્યાયમાં થશે.

✿ પરને જોવા રોકાયેલો એને સ્વ જોવામાં અટકાવી દે. જોનારને જો, જોનાર પરને જોવે છે. એ તારામાં નથી, એ જોનારમાં જોનારની ચીજ જે છે એને જો. આ એની કુંચી છે. ત્યાં અનંતા ગુણના તાળા ખૂલી જશે. રાગની એકતા ને રાગને જોવા બેઠો ત્યાં અનંતા ગુણોને તાળા માર્યા તે પ્રભુ ! એની કુંચી આ છે.

✿ એ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે જોયો, જાણ્યો ને કહ્યો, એ

આત્માને જાણવો જોઈએ.

✿ જીવતી જ્યોત ચૈતન્યસ્વભાવમાં ભરેલો ભગવાન એણે જોયો નહીં. જોઈશ તો તને પરથી વિરક્તતા થઈ જશે. ભલે રાગ આવશે, સંયોગો દેખવામાં આવશે, પણ ત્યાં રક્તપણું નહીં થાય.

✿ અનંતવાર સમવસરણમાં ગયો પણ કેવળી આગળ રહી ગયો કોરો. અડવા દીધું નહી એને. એ ક્રિયાકાંડમાં મશગૂલ, પણ રાગથી ભિન્ન ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય છે એને સ્પર્શ્યો નહીં, અડ્યો નહીં, અનુભવ્યો નહીં.

✿ એક એક ગુણમેં ઉસકા રૂપ અને એક એક ગુણમેં અનંત ગુણકી નાસ્તિ. ઐસા એક એક ગુણમેં અનંત અનંત શક્તિ અને સામર્થ્ય હૈ. એ ચૈતન્ય ચમત્કાર છે. પણ પર્યાય ઉપર દૃષ્ટિસે, વસ્તુ અંદર સમીપ પડી હૈ, એની ખબર નહીં.

✿ આત્માને ઓળખ અને તેનું સમીપપણું સદાય તને રહેશે. સમ્યગ્દર્શન, જ્ઞાનમાં, ચારિત્રમાં આત્મા સમીપ વર્તે છે. એટલે કે ત્યાં રાગને સમીપપણું નથી.

✿ 'આમાં સદા પ્રીતિવંત બન-(આમાં)-આમાં સદા સંતોષ ને આનાથી બન તું તૃપ્ત-તુજને અહો સુખ અહો ઉત્તમ થશે'. પ્રભુ તું જ્ઞાયકસ્વરૂપમાં જા, ત્યાં પ્રીતિ કર, ત્યાં સંતોષ થા, ત્યાં જઈને તૃપ્ત થા, તને સુખ થશે. બીજાને નહીં પૂછવું પડે. એ ભગવાન આત્મા-બાદશાહ-જે અનંત-ગુણનો નાથ-સ્વદેશ અસંખ્ય પ્રદેશમેં બિરાજમાન-એ દેશમાં જા. તને સુખ થશે. તને શાંતિ મળશે. તને ત્યાં નિર્વિકલ્પ સ્વચ્છતાની શુદ્ધતાનો અનુભવ થશે.

✿ ભગવાન અંદર અનંત અનંત ગુણમણીઓની માળા પ્રભુ! ગુણમણીઓનો ભંડાર. ઈસકો તો તુમ નહીં જાનતે. ઉસકો તો પહચાનતે નહીં. જ્ઞાન ત્યાં તો લે જાતે નહીં. ને જ્ઞાન, 'આ, આ, આ'. અજાયબઘરમેં દેખના 'ઐસા હૈ ને, ઐસા હૈ ને!' અજાયબ ઘર તો તેરા હૈ.

✿ ભગવાન આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન-એ ગુપ્ત છે અંદર અને

રાગ આદિ પ્રગટ દેખાય છે માટે 'એજ છું' એમ માની બેઠો છે એને. ઐસા માન બેઠા હૈ. દૃષ્ટિ જહાં હૈ ત્યાં તો રાગ આદિ દિખતે હૈ, રાગની સમીપમાં પ્રભુ અંતર આનંદ સ્વરૂપ બિરાજતે હૈ. આહા! ઉસકી તો દૃષ્ટિ નહીં, દૃષ્ટિકા વિષય હી યે હૈ, આ દૃષ્ટિ તો મિથ્યા હૈ, પર્યાય બુદ્ધિ, રાગબુદ્ધિ એ તો મિથ્યા બુદ્ધિ હૈ.

✿ સબકા જાનનેવાલા હૈ, પરસે નહીં, પરમેં નહીં, અપનેસે અપનેમેં જાનનેવાલા હૈ.

✿ દૂસરા પાંચ દ્રવ્ય હૈ, યે અપને કો અપનેસે જાનતે નહીં ઔર પર કો જાનતે નહીં, એ તો જડ હૈ. જડ-માટી-ધૂળ હૈ, યે અપનેકો જાનતી નહીં કે 'મૈં શરીર હૂઁ ઔર ભગવાન અંદર જ્ઞાનસ્વરૂપ હૈ' ઉસકો ભી જાનતે નહીં. જાનનેવાલા આત્મા અપને સે, અપનેમેં, અપનેકો જાનતે હૈ.

✿ એ તો ચૈતન્યજ્ઞાયક-જાણક દેખન સ્વભાવ સ્વરૂપ પ્રભુ યે વિકલ્પ કરે ક્યાંથી? આવે, આવે તેનો જાણનાર રહે. એને ગણતરી ના કરે કે આટલા કામ મેં કર્યા છે. આત્મા ત્રિકાળ જાણનારો છે એ તે કર્યું નહીં પણ જ્યાં જ્યાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવમાં આવ્યો ત્યાં ત્યાં જાણવું કરી કરીને અનંતકાળ ગાળ્યો આમ.

✿ અપની ચીજકી કિંમત આયા બિના પરકી કિંમત ને મહત્તા (ખિસતી નહીં) નાશ નહીં હોતી હૈ. અપની ચીજ જો કિંમતી વસ્તુ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઉસકી કિંમત અમોલકી મોલ આયા બિના પરકી કિંમત નહીં હઠતી.

✿ અક્ષર (એટલે) 'અ' એટલે નહીં. (ક્ષર એટલે) ખરે. ક્ષાયિક હૈ જે નાશ ન થાય એવું જે કેવળજ્ઞાન-એન અનંતમા ભાગે પણ પર્યાય રહી ગઈ નિગોદની, છતાં એના ગુણમાં ને દ્રવ્યમાં ક્યાંય ઓછપ આવી નથી, પ્રભુ. ત્યાં નજર કરવા જેવી છે. રાગમાં નહીં, નિમિત્તમાં નહીં, ઉણી અવસ્થામાં નહીં, વિપરીત અવસ્થામાંય નહીં, સવળી અવસ્થામાં ય નહીં. એ ત્રિકાળી ભગવાન આત્મા એવો ને એવો ને ગુણ એવડો ને એવડો તેમાં નજર કરવા જેવી છે. આહા!

પ્રમાણ વચન ગુરુદેવ